આવા મોટા ખર્ચને પહોંચી વળવા માટે સને ૨૦૨૧-૨૨ ની નક્કી કરેલી ફીમાં ઉપર જણાવ્યા પ્રમાણે વિદ્યાર્થી દીઠ રૂ.૨૦૦૦/- નો ખર્ચ મંજુર કરવો વ્યાજબી જણાય છે અને તે અંગે અરજદાર શાળાએ ફી નિયમન સમિતિને તેની ખાત્રી આપવાની રહેશે.

(૧૬) અરજદાર શાળાની રજૂઆત કે, ફી નિયમન સમિતિએ સને ૨૦૨૧-૨૨ ની જે ફી નક્કી કરી છે. તે ફી ઉપર સને ૨૦૨૨-૨૩ તેમજ સને ૨૦૨૩-૨૪ ના વર્ષ માટે ૫ ટકાના બદલે ૭ ટકાનો વધારો આપવો જોઇએ. ફી નિયમન સમિતિ તરફથી તમામ હુકમોમાં એક સરખી રીતના જ ૫ ટકાનો વધારો આપેલ છે. વધુમાં બેંકના પ્રવર્તમાં વ્યાજદર મોંઘવરી અને જીવન ધોરણ ધ્યાનેલેતા અરજદારની માંગણી સ્વીકારવા પાત્ર બનતી નથી. અને તેથી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

(૧૭) અરજદાર શાળાનાં અધિકૃત અધિકારી તરફથી પત્ર લખી જણાવવામાં આવે છે. કે, પ્રિ.પ્રાયમરી વિભાગમાં રૂ.૮૨,૦૦૦/- પ્રાયમરી વિભાગમાં રૂ.૧,૪૯,૫૦૦/- સેકન્ડરી વિભાગમાં રૂ.૨,૧૫,૪૦૦/- તેમજ હાયર સેકન્ડરી વિભાગમાં રૂ.૩,૩૫,૦૦૦/- ની ફી મંજૂર કરવામાં આવેતો વાંધો નથી. વધુમા જણાવવામાં આવે છે કે, તેમના તમામ કર્મચારીઓને સાતમાં પગાર પંચ પ્રમાણે પગારની ચૂકવણી કરનાર છે. અરજદાર શાળાની રજૂઆત ફી રીવીઝન કમીટીના સૂચન ધ્યાને રાખતા અરજદાર શાળાની સૂચિત માંગણી મુજબની ફી મંજૂર કરવી તેઓના ઓડીટ હિસાબોની હકીકત ધ્યાનમાં રાખતા ન્યાયી અને વ્યાજબી હોવાનુ ફલીટ થતુ હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

//હુકમ//

| અ. નં. | ધોરણ | માધ્યમ | વિદ્યાર્થીની સંખ્યા | સૂચિત ફીની માગણી | ફી નિયમન સમિતિ ધ્વારા નક્કી કરેલ ફાઇનલ ફી. | ફી નિયમન સમિતિ ધ્વારા રીમાન્ડ બાદ નક્કી કરેલ ફાઇનલ ફી. |
|---|---|---|---|---|---|---|
| | | | સને ૨૦૧૯-૨૦. | સને ૨૦૨૧-૨૨. | સને ૨૦૨૧-૨૨. | સને ૨૦૨૧-૨૨. |
| (૧) | નર્સરી. | અંગ્રેજી | ૯૨ | રૂા.૧,૧૮,૦૦૦/- | રૂા.૭૯,૦૦૦/- | રૂા.૮૪,૦૦૦/- |
| (૨) | જુ.કે.જી. | અંગ્રેજી | ૧૨૦ | રૂા.૧,૧૮,૦૦૦/- | રૂા.૭૯,૦૦૦/- | રૂા.૮૪,૦૦૦/- |
| (૩) | સી.કે.જી. | અંગ્રેજી | ૧૧૮ (૩૩૦) | રૂા.૧,૧૮,૦૦૦/- | રૂા.૭૯,૦૦૦/- | રૂા.૮૪,૦૦૦/- |
| (૪) | ૧. | અંગ્રેજી | ૫૧ | રૂા.૧,૭૯,૫૦૦/- | રૂા.૧,૪૯,૫૦૦/- | રૂા.૧,૫૧,૫૦૦/- |
| (૫) | ૨. | અંગ્રેજી | ૫૯ | રૂા.૧,૭૯,૫૦૦/- | રૂા.૧,૪૯,૫૦૦/- | રૂા.૧,૫૧,૫૦૦/- |
| (૬) | ૩. | અંગ્રેજી | ૫૫ | રૂા.૧,૭૯,૫૦૦/- | રૂા.૧,૪૯,૫૦૦/- | રૂા.૧,૫૧,૫૦૦/- |
| (૭) | ૪. | અંગ્રેજી | ૫૪ | રૂા.૧,૭૯,૫૦૦/- | રૂા.૧,૪૯,૫૦૦/- | રૂા.૧,૫૧,૫૦૦/- |
| (૮) | ૫. | અંગ્રેજી | ૫૩ | રૂા.૧,૭૯,૫૦૦/- | રૂા.૧,૪૯,૫૦૦/- | રૂા.૧,૫૧,૫૦૦/- |
| (૯) | ૬. | અંગ્રેજી | ૬૧ | રૂા.૧,૭૯,૫૦૦/- | રૂા.૧,૪૯,૫૦૦/- | રૂા.૧,૫૧,૫૦૦/- |
| (૧૦) | ૭. | અંગ્રેજી | ૪૯ | રૂા.૧,૭૯,૫૦૦/- | રૂા.૧,૪૯,૫૦૦/- | રૂા.૧,૫૧,૫૦૦/- |
| (૧૧) | ૮. | અંગ્રેજી | ૩૭ | રૂા.૧,૭૯,૫૦૦/- | રૂા.૧,૪૯,૫૦૦/- | રૂા.૧,૫૧,૫૦૦/- |
| (૧૨) | ૯. | અંગ્રેજી | ૪૦ | રૂા.૨,૧૫,૪૦૦/- | રૂા.૧,૯૦,૫૦૦/- | રૂા.૨,૧૫,૪૦૦/- |
| (૧૩) | ૧૦. | અંગ્રેજી | ૪૧ | રૂા.૨,૧૫,૪૦૦/- | રૂા.૧,૯૦,૫૦૦/- | રૂા.૨,૧૫,૪૦૦/- |
| (૧૪) | ૧૧. | અંગ્રેજી | ૩૪ | રૂા.૪,૦૪,૭૦૦/- | રૂા.૨,૬૫,૫૦૦/- | રૂા.૩,૩૭,૦૦૦/- |
| (૧૫) | ૧૨. | અંગ્રેજી | ૩૧ (૫૬૫) | રૂા.૪,૦૪,૭૦૦/- | રૂા.૨,૬૫,૫૦૦/- | રૂા.૩,૩૭,૦૦૦/- |